

## વેસ્મા ગામ પાસેથી 9.14 લાખના વિદેશી દારૂ ભરેલા ટેમ્પા સાથે એક ઝડપાયો, 4 વોન્ટેડ

નવસારી : નેશનલ હાઈવે નં. 48 ઉપર વેસ્મા ગામ પાસેથી નવસારી એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે 9.14 લાખના વિદેશી દારૂ ભરેલા ટેમ્પા સાથે એકને ઝડપી પાડ્યો હતો.

લોકલ ક્રાઈમ બ્રાંચ પોલીસે બાતમીના આધારે નેશનલ હાઈવે નં. 48 ઉપર વેસ્મા ગામ પાસે મુંબઈથી અમદાવાદ જતા ટ્રેક ઉપર નાઝ હોટલ પાસે નાકાબંદી કરી હતી. દરમિયાન બાતમીવાળો ટેમ્પો (નં. એમએચ-47-વાય-3363) આવતા પોલીસે ટેમ્પો રોકી તપાસ કરી હતી. જેમાંથી પોલીસને 9,14,400 રૂપિયાની વિદેશી દારૂની 8760 નંગ બાટલીઓ મળી આવતા મો.મુનીર મહમુદ શાહને ઝડપી પાડ્યો હતો. પોલીસે મો.મુનીરની પૂછપરછ કરતા ટેમ્પોના માલિક અને મુંબઈ રહેતા દેવેન્દ્રસિંહ મૂળસિંગ શેખાવતા હોવાનું જણાવ્યું હતું. જ્યારે સુરતના પલસાણામાં રહેતા વિશાલ ચંદન રાયે દારૂનો જથ્થો ભરાવી આપ્યો હતો તેમજ સુરતના પલસાણા ચલથાણમાં રહેતા અકીલ અહેમદ સૈયદ કાદરી અને સોપલસિંગ શાલીકસિંગ રાજપૂતે દારૂનો જથ્થો મંગાવ્યો હોવાનું કબુલતા પોલીસે તેઓને વોન્ટેડ જાહેર કર્યા હતા.

# બુધ્ધિનું દેવાળું! વલસાડ એસ.ટી. ડિવિઝને નિવૃત્ત 62 ડ્રાઈવર-કંડક્ટરને ફરજ પર પરત લીધા

**નિવૃત્ત** ડ્રાઈવર અને કંડક્ટરને પરત લેવાના પરિપત્રથી નોકરીવાંચ્છુ યુવકોમાં નિરાશા

**નિવૃત્ત** કંડક્ટરને ત્રણ ઘણો પગાર આપી પુન: નોકરી પર લેવાનું કારણ લોકો સમજાતું નથી



### નિવૃત્ત થયેલાએ સિવિલ સર્જનનું સર્ટિ. જોડવું ફરજિયાત

નિવૃત્ત થયેલા ડ્રાઈવર કે કંડક્ટરે પરત નોકરી મેળવવા સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જનનું સર્ટિ., તેમજ પોલીસ દ્વારા અપાતું નો-ઓબજેક્શન સર્ટિ. અરજી સાથે જોડવું ફરજિયાત છે.

### ડબલ ગ્રેજ્યુએટ યુવાનોને નોકરીના ફાંફાં.., નિવૃત્તોને જલસા

વલસાડ એસટી ડિવિઝન દ્વારા નિવૃત્ત ડ્રાઈવર અને કંડક્ટરને પરત લેવાના પરિપત્રથી અનેક નોકરીવાંચ્છુ યુવકોમાં નિરાશા જોવા મળી રહી છે. એકબાજુ લાખ્ખો રૂપિયા ખર્ચી મોંઘુદાટ શિક્ષણ મેળવી ગ્રેજ્યુએટ થયેલા યુવકો હાલમાં પણ સામાન્ય નોકરી મેળવવા ફાંફાં મારી રહ્યા છે. ત્યારે એસટી વિભાગ નિવૃત્ત થઈ ચૂકેલા કર્મચારીઓને કેમ પરત લઈ રહી છે, તે સમજાતુ નથી. શું ભણેલા યુવકો ડ્રાઈવર કે કંડક્ટર ન બની શકે, તેમને પણ રૂપિયા 26 હજારનું મહેનતાણું આપી નોકરી પર રાખી ન શકાય, તેવા અનેક પ્રશ્નો ઉદભવી રહ્યા છે. નિવૃત્ત કર્મીઓ તો ખાસ્સુ મોટુ પીએફ અને ગ્રેજ્યુઈટી લઈને ફરજ મુક્ત થયા છે. તો શું નવા યુવાનોને મોકો આપી ન શકાય. એસટી વિભાગ-વલસાડમાં પણ હાલ અનેક યુવતી-મહિલાઓ હંગામી કોન્ટ્રાક્ટ બેઈઝ પર કંડક્ટરની ફરજ બજાવી રહી છે. તેમનો પગાર કદાચ રૂપિયા 10 હજારની અંદર હશે, જ્યારે નિવૃત્ત કંડક્ટરને ત્રણ ઘણો પગાર આપી પુન: નોકરી પર લેવાનું કારણ લોકો સમજાતું નથી.

વલસાડ : એક સમયે એસ.ટી.થી વિમુખ થયેલા મુસાફરો હવે સુવિધાયુક્ત નવી નક્કોર બસો, નિયમિતતા, નવા સુવિધા સાથેના બસ સ્ટેન્ડ સહિતને લઈ પરત એસ.ટી તરફ વળી રહ્યા છે, ત્યારે એસ.ટી. નિગમ દ્વારા પણ ડ્રાઈવર અને કંડક્ટરની ખાલી જગ્યાઓ ભરવા કાર્યવાહી શરૂ કરાઈ છે. ડિવિઝનમાં આગામી સમયમાં 82 ડ્રાઈવર અને 92 કંડક્ટર નિવૃત્ત થઈ રહ્યા છે, ત્યારે આ ખાલી જગ્યાઓને લઈ સમસ્યા ઊભી ન થાય તે માટે એસ.ટી.માંથી નિવૃત્ત થયેલા કર્મચારી કે નિવૃત્ત થનાર કર્મચારીઓને પરત ફરજ પર લેવાના પરિપત્ર બાદ વલસાડ એસ.ટી.નિગમમાં અત્યાર સુધી 11 મહિનાના કરાર આધારિત 30 ડ્રાઈવર અને 32 નિવૃત્ત કંડક્ટરને પરત ફરજ પર લેવાયા છે. જેને લઈ ખાલી જગ્યાઓ ભરાતા એસ.ટી. રૂટો નિયમિત કાર્યરત થતાં મુસાફરોમાં ખુશી જોવા મળી રહી છે. વલસાડ એસ.ટી. ડિવિઝનમાં વલસાડ, વાપી, ધરમપુર, બીલીમોરા, નવસારી અને આહવા ડેપોનો સમાવેશ થાય છે. મહત્વની બાબત એ છે કે નિવૃત્ત થયેલા ડ્રાઈવર કે કંડક્ટરને તેઓ જ્યાં નિવૃત્ત થયા છે, ત્યાં જ નોકરી ફાળવવામાં આવે છે, જો તે અન્ય જગ્યાએ જવા માંગતા હોય તો ત્યાં પણ ફરજ અપાઈ રહી છે. ઉપરાંત તેમને પ્રતિ મહિને રૂપિયા 26 હજાર મહેનતાણું પણ આપવામાં આવે છે. વલસાડ એસ.ટી.ડિવિઝનના અધિકારીઓ દ્વારા ઊભી કરાયેલી વ્યવસ્થાને લઈ નિવૃત્ત ડ્રાઈવર કંડક્ટર મોટી સંખ્યામાં પરત ફરજ પર હાજર થવા પહોંચી રહ્યા છે.

# 'અમારા વિસ્તારમાં પાણી કેમ નાંખવા માટે આવો છો, જો બીજી વાર આવશો તો મારી નાંખીશું'

**વિજલપોર** આંબેડકર નગરમાં આર.ઓ.નું પાણી વેચવા બાબતે બે ઈસમોએ એકને માર્યો

નવસારી : વિજલપોર આંબેડકર નગરમાં આર.ઓ. નું પાણી વેચવા બાબતે બે ઈસમોએ એકને માર મારતા મામલો વિજલપોર પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, વિજલપોર રામનગર-2 માં ભુપેન્દ્રસિંહ રામબાબુસિંહ ભદોરિયા (ઉ.વ. 28) તેમના પરિવાર સાથે રહે છે. ગત ૧૬મીએ ભુપેન્દ્રસિંહ કામ અર્થે દાંતેજ ગયા હતા. જ્યાંથી તેઓ કામ પતાવી પરત ઘરે આવી રહ્યા હતા. ત્યારે તેમના નાના ભાઈ નકુલે ભુપેન્દ્રસિંહને ફોન કરી જણાવ્યું હતું કે, આપણી પાણીની ગાડી આંબેડકર નગરમાં મેદાનની પહેલી ગલીમાં કોઈ ઈસમોએ રોકેલી છે. તે કયા કારણસર ગાડી ત્યાં રોકેલી છે તે તપાસ કરવા ભુપેન્દ્રસિંહ આંબેડકર નગર ગયા હતા. જ્યાં એક આર.ઓ. પ્લાન્ટ પાસે તેમની ગાડી કોણે રોકી છે તેમ પુંછતા હેલ્પરે સામેના આર.ઓ. પ્લાન્ટમાં ઉભેલા બે ઈસમોએ ગાડી રોકી હોવાનું જણાવ્યું હતું. જેથી ભુપેન્દ્રસિંહ તે બે ઈસમો પાસે જઈ મારી ગાડી કેમ રોકી છે તેમ પુંછતા તેઓએ જણાયું હતું કે, અમારા વિસ્તારમાં પાણી કેમ નાંખવા માટે આવો છો, જો બીજી વાર અમારા વિસ્તારમાં પાણી નાંખવા આવશો તો જાનથી મારી નાંખીશું તેવી ધમકી આપી એક પથ્થરનો ટુકડો લઈ ભુપેન્દ્રસિંહને છાતીના ભાગે મારી બંને ઈસમો માર મારવા લાગ્યા હતા. અને માથાના ભાગે પથ્થર મારી દીધો હતો. જોકે અન્ય લોકોએ તેઓને છોડાવ્યા હતા. આ બનાવ અંગે ભુપેન્દ્રસિંહે વિજલપોર પોલીસ મથકે અજાણ્યા બે ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ એ.એસ.આઈ. મહેશભાઈને સોંપી છે.

### અસ્ટોલ જુથ પાણી પુરવઠાની મુખ્ય લાઈનમાં ભંગાણ, બ્લોક શોધવામાં તંત્ર નિષ્ફળ



કપરાડાના વારોલી જંગલ ગામે અસ્ટોલ જુથ પાણી પુરવઠા યોજનાના મુખ્ય પાઈપલાઈન ભંગાણ થતા લાખો લીટર પાણી વેડફાઇ ખેતરોમાં વહી ગયું છે. જોકે આ અંગે અસ્ટોલ યોજનાના ધરમપુર સ્થિત અધિકારીઓએ જણાવ્યું કે વારોલી જંગલ વિસ્તારમાં પાઇપ લાઈનમાં બ્લોક આવતા ટેક્નિકલ વિભાગ દ્વારા તેને શોધવાની પ્રક્રિયા ચાલુ હોઈ થોડા થોડા અંતરે પાણીનો વાલ્વ ખોલી જોવામાં આવી રહ્યુ છે, પાઇપ લાઇન લાંબી હોઈ બ્લોક શોધવામાં સમય લાગ્યો હતો તેમ જણાવ્યું હતું.

# વલસાડના વેજલપુરમાં જનતાએ રેડ કરતા ત્રણ શંકાસ્પદ લોકો મળી આવ્યા

**વેજલપુરમાં** ઘણા સમયથી અજાણ્યા પરપ્રાંતિયો દ્વારા ગેરકાયદે મકાનો તાણી બાંધવામાં આવતા હોવાની ફરિયાદ ઉઠી હતી

વલસાડઃ વલસાડમાં વેજલપુરગામે સરપંચ સાથે જ જનતા રેડ કરવામાં આવતા પરપ્રાંતીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. જોકે મકાનોમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને ગેરકાયદે બાંધકામ અંગેની ગ્રામજનોએ સરપંચને ફરિયાદ કરી હતી.

જનતા રેડમાં ત્રણ વ્યક્તિ શંકાસ્પદ જણાતા પોલીસને જાણ કરી તેઓને સોંપવામાં આવ્યા છે. વલસાડ નજીકના વેજલપુર ગામેના ઘણા સમયથી અજાણ્યા પરપ્રાંતિયો વસવાટ કરતા હોય છે અને તેઓ દ્વારા ગેરકાયદેસર મકાનો કે ઘરો પણ તાણી બાંધવામાં આવતી હોવાની ફરિયાદ ઉઠી હતી. જેને ધ્યાનમાં રાખી ગામના સરપંચ સગુણાબેન કૌશિકભાઈ પટેલની આગેવાની હેઠળ ગ્રામજનો સાથે જનતા રેડ કરી ગામની અંદર રહેતા લોકોના આધાર પુરાવા પણ ચકાસવામાં આવ્યા હતા.

વેજલપુરમાં જનતા રેડ કરતા ગામમાં વસતા પરપ્રાંતિયોમાં ફફડાટ ફેલાયો હતો. જોકે આ જનતા રેડમાં શંકાસ્પદ ત્રણ વ્યક્તિ જણાતા વલસાડ રૂરલ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે વેજલપુર ગામે વસતા પરપ્રાંતિયો અંગેના આધાર પુરાવા તેમજ રહેનાર વ્યક્તિ અંગેની તપાસ કરવામાં આવી હતી.

# 'ઈંટોના ભઠ્ઠા ગેરકાયદે છે, ચાલુ રાખવા હોય તો ભઠ્ઠા દીઠ 5,000 આપવા પડશે'

**ડાંગ** જિલ્લાનાં આહવામાં રહેતા બહુજન સમાજ પાર્ટીનાં પ્રમુખ અને સાગરીતોએ ઉઘરાણી કરી હોવાના આક્ષેપ સાથે ફરિયાદ

સાપુતારા : ડાંગ જિલ્લાનાં આહવા તાલુકામાં ઈંટના ભઠ્ઠા ચલાવતા સંચાલકો પાસેથી બહુજન સમાજ પાર્ટીના પ્રમુખ અને તેમના મળતીયા પૈસાની ઉઘરાણી કરતા હોવાની અને ફોન દ્વારા ધમકી આપતા હોવાના આક્ષેપ સાથે ઈંટ ભઠ્ઠા સંચાલકે આહવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ડાંગ જિલ્લાનાં આહવા ખાતે શિક્ષણ કોલોની નજીક આવેલી બહુજન સમાજ પાર્ટીની ઓફિસ આગળ તથા ચર્ચ પાસે શુકકરભાઈની ચાની લારી ઉપર ડાંગ જિલ્લા બહુજન સમાજ પાર્ટીનાં પ્રમુખ મહેશભાઈ ગીરધરભાઈ આહીરે (રહે આહવા મીશનપાડા), તેના મળતિયા જયેશભાઈ ગાયકવાડ (રહે. ડોન), ઈશ્વરભાઈ ભોયે (રહે. કીરલી તા.સુબિર)એ આહવા તાલુકામાં ચાલતા યોગેશભાઈ બાબુભાઈ ખસફિયા (કુંભાર)નાં ઈંટના ભઠ્ઠાના ફોટા પાડી જતા હતા. ઈંટોના ભઠ્ઠા ગેરકાયદેસર છે અને બંધ કરાવી દઈશ તથા ઈંટોના ભઠ્ઠા ચાલુ રાખવા હોય તો ભઠ્ઠા દીઠ રૂપિયા 5,000 આપવા પડશે નહીં તો અમે શાંત નહી બેસીએ એવી ધમકીઓ પણ આપવામાં આવી હતી. ધમકી આપી બળજબરીથી 12,000 કાઢી લેવામાં આવ્યા હતા.

તેમજ બાકી રકમની અવાર નવાર ઉઘરાણી કરી મોબાઈલ ફોન દ્વારા ધમકી આપવામાં આવી હતી. ત્યારે સમગ્ર મામલાને લઈને ઈંટના ભઠ્ઠા સંચાલક યોગેશ ખસફિયાએ ડાંગ જિલ્લા બહુજન સમાજ પાર્ટીનાં પ્રમુખ અને બંને મળતીયા સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. હાલમાં આહવા પોલીસ મથકનાં પી.એસ. આઈ એ.એચ.પટેલે આ અંગેનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### વલસાડ પોલીસ મથકનો વોન્ટેડ આરોપીને ચીખલીથી પકડાયો

વલસાડ : વલસાડ સિટી પોલીસ મથકમાં 3 વર્ષ અગાઉ રાજસ્થાનના એક ઈસમ વિરૂદ્ધ પોક્સો અને અપહરણનો ગુનો દાખલ થયો હતો. જે છેલ્લા 3 વર્ષથી પોલીસને હાથ તાળી આપી રહ્યો હતો. જેને હાલ વલસાડ સિટી પોલીસે ચીખલીથી પકડી પાડ્યો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડ સિટી પોલીસ મથકે પ્રકાશ દિપકભાઈ ડામોર (રહે. બાંસવાડા, જાલમપૂરા રાજસ્થાન) વિરૂદ્ધ પોક્સો અને અપહરણનો ગુનો દાખલ થયો હતો. જે છેલ્લા 3 વર્ષથી પોલીસથી છૂપાઈને ફરતો હતો. હાલ તે ચીખલીના થાલા વિસ્તારમાં રહેતો હોવાની માહિતી મળતા સિટી પોલીસના સ્ટાફે તેને ચીખલી જઈ પકડી પાડ્યો છે. હાલ પોલીસ તેની પુછતાછ અને વધુ તપાસ કરી રહી છે.

**સજાગતા જરૂરી** આખલાની લડાઈમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાય કે કોઈ નિર્દોષ મોતને ભેટે તો જવાબદાર કોણ

# ચીખલીમાં રખડતા ઢોરોનો વધતો ત્રાસ: લોકોમાં ભય

**જાહેર** માર્ગો ઉપર જ આખલાઓ વચ્ચે યુદ્ધો થતા રાહદારીઓ અને વાહનચાલકોએ પણ નાસભાગ કરવાની આવતી નોબત

**સ્થાનિક** વહીવટી તંત્ર આ બાબતે સક્રિય થાય તે જરૂરી




ઘેજ : ચીખલી નગરમાં રખડતા ઢોરોનો ત્રાસ વધવા પામતા આમ જનતામાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિક વહીવટી તંત્ર આ બાબતે સક્રિય થાય તે જરૂરી બન્યું છે.

ચીખલી નગરના સંખ્યાબંધ વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયોથી રખડતા ઢોરો બળદો અને સાંઢનો ત્રાસ વધી જતાં વાહન ચાલકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ચીખલીના મેઈન બજાર, જુના વલસાડ રોડ, વાણિયાવાડ, ખત્રીવાડ, ધોબીવાડ, જુના બસ સ્ટેન્ડ તેમજ શાકભાજી માર્કેટ વિસ્તાર, ચીખલી-તલાવચોર માર્ગ ઉપર અને ચીખલી ચાર રસ્તા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રખડતા ઢોરોના ટોળેટોળા જાહેર માર્ગો ઉપર દોડતા કેટલીક વાર જાહેર માર્ગો ઉપર જ આખલાઓ વચ્ચે યુદ્ધો થતા હોય જેના કારણે રાહદારીઓ અને વાહન ચાલકોએ પણ નાસભાગ કરવાની નોબત આવતી હોય છે.

ચીખલી-તલાવચોરા-અટગામ માર્ગ ઉપર ગુજરાતી સ્કૂલ આગળ મોડી સાંજના સમયે બે આંખલા જાહેર રોડ ઉપર બાખડતા થોડા સમય માટે વાહન વ્યવહાર થંભી જવા પામ્યો હતો. અવાર નવાર આંખલાઓ યુદ્ધે ચડતા નિદોષ રાહદારીઓને અડફેટે લેતા આવા આખલાઓને જેર કરવાની તાતી જરૂર છે. નગર તેમજ આજુબાજુના વિસ્તારમાં આખલાની લડાઈમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાય કે કોઈ નિર્દોષ મોતને ભેટે એ પહેલા સ્થાનિક વહીવટી તંત્ર સજાગતા દાખવે તે જરૂરી છે.

# ધરમપુરમાં હોળીના હાટ બજારમાં માનવ મહેરામણ ઊમટી પડ્યો



ધરમપુર : ધરમપુર પંથકમાં હોળીના સોમવારી હાટ બજારમાં આદિવાસી સમાજના લોકો ખરીદી કરવા માટે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. બજારમાં અંબામાતા, માં ભવાની, કાલીકા માતા સહિતનાં વિવિધ પોશાક પહેરી ફાગ ઉઘરાવતા નજરે પડ્યા હતા. જોકે હાટ બજારમાં આ વખતે ચંપલ-કાપડની દુકાનોમાં તથા અનાજ કરિયાણાની દુકાનમાં લોકો બટાકા, કાંદા, ખજુર, કોપરું સહિત મરી મસાલાની ખરીદી કરવા માટે ભારે ભીડ જોવા મળી હતી. હોળીના હાટબજારમાં ખરીદી કરવા માટે જાણે માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### બીલીમોરાના સોમનાથ મંદિરેથી ઘીના કમળની વિસર્જન શોભાયાત્રા નીકળી




બીલીમોરા : બીલીમોરામાં સોમનાથ દાદાનું સ્વયંભૂ શિવલિંગ આવેલું છે. અહીં શિવલિંગના સાંનિધ્યમાં ભગવાન શિવનાં હાથ ઉપર રામલલ્લાની પ્રતિમા અને ઘી કમળે શિવરાત્રી સપ્તાહમાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું. જે બાદ સોમવારે મોડી સાંજે રાજમાર્ગો ઉપર વિસર્જન શોભાયાત્રા નિહાળી હતી. બીલીમોરા સોમનાથ મંદિરે મહાશિવરાત્રિની રાત્રે 12 નાં ટકોરે 151 કિલોનું ઘીનું કમળ શિવલિંગ ઉપર ચઢાવવામાં આવ્યું હતું. ભગવાન શિવજીની 6 ફૂટ ઉંચી પ્રતિમાનાં ડાબા હાથ ઉપર રામલલ્લાએ આકર્ષણ જમાવ્યું હતું. જે બાદ સોમવારે મોડી સાંજે ભજનોની રમઝટ વચ્ચે શહેરના રાજમાર્ગો ઉપર ઘીના કમળની શોભાયાત્રા નીકળી હતી. ભક્તો ઘીના કમળ સ્વરૂપે ભગવાનના ઘર આંગણે રાજમાર્ગો પર દર્શન કરી ધન્ય બન્યા હતા. જે બાદ અંબિકા નદીના બંદર ઉપર મોડી સાંજે શ્રધ્ધા ભક્તિ સાથે વિસર્જન કરાયુ હતું. પ્રમુખ શિવજીભાઈ પટેલ, મેનેજર પ્રકાશ મહેતા, સુરેશ તળાવીયા અને ટ્રસ્ટીઓએ ભક્તો માટે આગવી વ્યવસ્થા ગોઠવી હતી.

### લોકસભાની ચૂંટણીને પગલે દમણમાં આચારસંહિતાનો અમલ શરૂ

દમણ : આગામી લોકસભાની ચૂંટણીને લઈને સંઘપ્રદેશ દમણમાં આચારસંહિતા લાગુ થઈ જવા પામી છે. ત્યારે આજરોજ દમણના કલેક્ટર સૌરભ મિશ્રા દ્વારા એક ઓર્ડર જારી કર્યો છે. જે ઓર્ડર મુજબ ચૂંટણી પંચ દ્વારા લોકસભાની ચૂંટણીને લઈ જે આચારસંહિતા 16 માર્ચથી 6 જૂન સુધી લાગુ કરી છે. એ સંદર્ભમાં પ્રદેશમાં જાહેર શાંતિ અને સુલેહ શાંતિમાં કોઈ પણ પ્રકારની ખલેલ ન પહોંચે એ માટે ક્રિમિનલ પ્રોસિજર કોડ 1973 ની કલમ 144 હેઠળ કલેક્ટરે તમામ પ્રકારના હથિયાર, મારક હથિયારો, દારૂગોળો, તલવાર, ભાલા, છરા જેવા અન્ય હથિયારો પર પ્રતિબંધ લાદ્યો છે. આ સાથે જ પ્રદેશમાં રાત્રે 10 થી સવારે 6 વાગ્યા સુધી કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરના ઉપયોગ પર પણ પ્રતિબંધ લગાવ્યો છે. ઉપરોક્ત આદેશનું ઉલ્લંઘન કરનાર સામે પ્રશાસન કાયદાકીય કાર્યવાહી કરવાની પણ ચીમકી ઉચ્ચારી છે.

### નોગામા ગામમાં દીપડાએ બકરીને ફાડી ખાધી

ઘેજ : નોગામા ગામે દીપડાએ દૂધ આપતી બકરીને ફાડી ખાતા વૃદ્ધાએ આજીવિકા ગુમાવવાની નોબત આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના નોગામા ગામના કુંડળ ફળિયામાં રાત્રે બે એક વાગ્યાના અરસામાં વિધવા વૃદ્ધ મહિલા બુધીબેન શુકકરભાઈ પટેલ (ઉ.૭૦) ના ઘર નજીકના કોઢારામાં દીપડાએ આવી દૂધ આપતી બકરીનો શિકાર કર્યો હતો. આ અંગેની જાણ વહેલી સવારે થતા આગેવાન ઉમેશભાઈ, તાલુકા સભ્ય હીનાબેન સહિતનાઓએ જાણ કરતા વેટરનીટી તબીબ કે.ડી.પટેલે સ્થળ પર પહોંચી પીએમ સહિતની કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત આરએફઓ આકાશભાઈની સૂચનાથી વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં પાંજરૂ ગોઠવવામાં આવ્યું હતું. નોગામા ગામે દીપડાની રહેણાંક વિસ્તારમાં એન્ટ્રીથી સ્થાનિકોમાં ગભરાહટનો માહોલ સર્જાવા પામ્યો છે.ચાલુ વર્ષે તાલુકાના સંખ્યાબંધ ગામોમાં દીપડાઓના જાહેરમાં આંટાફેરા વધી જવા પામ્યા છે. વનવિભાગ દ્વારા હાલે કલીયારી, ખાંભડા, સુરખાઇ, અગાસી અને નોગામા મળી કુલ પાંચ જેટલા ગામોમાં દીપડો માટે પાંજરા ગોઠવવામાં આવ્યા હતા.

### જલાલપોરના ચીજ ગામમાં તીનપત્તીનો જુગાર રમતા 7 ઝડપાયા

નવસારી : જલાલપોર પોલીસે બાતમીના આધારે ચીજ ગામે તીનપત્તીનો જુગાર રમતા 7ને ઝડપી પાડી આગળની તજવીજ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, જલાલપોર પોલીસને બાતમી મળી હતી કે, ચીજ ગામે પીપળા ફળિયા તળાવની પાળની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો તીનપત્તીનો જુગાર રમી રહ્યા છે. જે બાતમીના આધારે પોલીસે ઘટના સ્થળે પહોંચી છાપો મારી તીનપત્તીનો જુગાર રમતા 7ને ઝડપી પાડ્યા હતા. જેમાં જલાલપોર તાલુકાના ચીજ ગામે ધુણા ફળીયામાં રહેતા જયંતીભાઈ હીરાભાઈ પટેલ, અનિલભાઈ નરસિંહભાઈ પટેલ, મનીષભાઈ રણછોડભાઈ પટેલ, સુરેશભાઈ છોટુભાઈ પટેલ, ચીજ ગામે ગોસલા ફળીયામાં રહેતા વસંતભાઈ નરસિંહભાઈ પટેલ, બાલુભાઈ પરભુભાઈ પટેલ અને દાજી ફળીયામાં રહેતા અરુણભાઈ લલ્લુભાઈ પટેલને ઝડપી પાડ્યા હતા. પોલીસે ઘટના સ્થળેથી આરોપીઓના અંગઝડતીમાંથી રોકડા 15,600 રૂપિયા અને દાવ પરના રોકડા 5620 રૂપિયા મળી કુલ્લે 21,220 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

### વાપી ટાઉન પોલીસે દારૂ ભરેલી ત્રણ રિક્ષા સાથે 10 ઇસમોને ઝડપી લીધા

વાપીઃ વાપી ટાઉન પોલીસે દારૂ ભરેલી ત્રણ રિક્ષા સાથે 10 ઈસમોને ઝડપી પાડયા હતાં. પોલીસે રિક્ષા, મોબાઈલ ફોન અને દારૂનો જથ્થો મળી કુલ રૂપિયા 2,86,060નો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.કરણરાજ વાઘેલાની સૂચના અને નાયબ પોલીસ અધિક્ષક વાપી વિભાગના બી.એન.દવે તથા વાપી ટાઉન પીઆઈના માર્ગદર્શન હેઠળ ટાઉન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન એએસઆઈ અજયભાઈ તથા અ.પો.કો. ભારતસિંહને મળેલી બાતમીના આધારે 3 રિક્ષાને અટકાવી તપાસ હાથ ધરી હતી. તેની તપાસ કરતા રિક્ષામાંથી દારૂની બોટલો મળી આવી હતી. જેથી દારૂની હેરાફેરી કરનારાઓ સહિત રિક્ષાચાલક સાથે કુલ 10 ઈસમની ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલા આરોપીઓમાં (1) સોનુ મોહન ઝા (રિક્ષાચાલક, રહે. ચલા, મૂળ બિહાર) (2) દિગંબર પ્રકાશ પાનીગ્રાહી (ઉં.26, મૂળ ઓરિસ્સા) (3) શિવપ્રકાશ શ્યામસુંદર યાદવ (ઉં.19) (4) ધનરાવતી ધીરેન્દ્ર ચૌહાણ (ઉં.34) (5) રેશ્મા સંજય ચૌહાણ (ઉં.30,ત્રણેય મૂળ યુપી, હાલ રહે. સુરત) (6) પાંડુરંગ વિઠ્ઠલરાવ રાઠોડ (રિક્ષાચાલક, ઉં.38, રહે. દમણ, મૂળ મહારાષ્ટ્ર) (7) કિરણબેન બિન્ધાચલ તિવારી (ઉં.24) (8) હેમાબેન બળદેવ મિસ્ત્રી (ઉં.35, બંને રહે. સુરત) (9) અમિત સુરેશભાઈ પટેલ (ઉં.20, મૂળ મધ્યપ્રદેશ, રહે. દમણ) (10) મેઘાબેન દિપક ખોલવડવાલા (ઉં.28, રહે. સુરત)નો સમાવેશ થાય છે. રિક્ષા, દારૂનો જથ્થો અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.2,86,060/-નો મુદ્દામાલ કબજે કરી વાપી ટાઉન પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### જલાલપોરમાં પડી જતા વૃદ્ધનું મોત

નવસારી : જલાલપોરના બંદ ફળીયામાં વૃદ્ધનું પડી જતા મોત નીપજ્યાનો બનાવ જલાલપોર પોલીસ મથકે નોંધાયો છે. મળતી માહિતી મુજબ, જલાલપોર બંદ ફળીયામાં મુકેશભાઈ ખંડુભાઈ રાઠોડ (ઉ.વ.આ. 60) તેમના પરિવાર સાથે રહેતા હતા. ગત 14મીએ મુકેશભાઈ તેમના ઘરમાં પડી ગયા હતા. જેથી તેમને ગુપ્તાંગની ડાબી બાજુએ ઈજા થઈ હતી. જેથી મેડીકલમાંથી માંલીસની દવા લીધી હતી. ત્યારબાદ ગત 16મીએ મુકેશભાઈ કઈ બોલતા નહીં હોવાથી પરિવારજનો 108 એમ્બ્યુલન્સ મારફતે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને ચકાસીને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના પુત્ર નિલેશભાઈએ જલાલપોર પોલીસ મથકે જાણ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હે.કો. મહેન્દ્રસિંહને સોંપી છે.


ભાવ તથા મજુરીમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

આર. એ. પરીખ જ્વેલર્સ

ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા (પૂર્વ) (મો.98255 58181)

સોનાના(916) Hallmark દાગીનાની મજુરી માત્ર 9.90%

એન્ટિક ડિઝાઈન દાગીના મજુરી માત્ર 13.90%

*શરતો લાગુ (10 ગ્રામથી ઉપર)